**Lang. Code : 06**

# TAJ 19-I

प्रश्न-पत्र I / PAPER I

गुजराती भाषा परिशिष्ट

Gujarati Language Supplement

भाग IV & V / PART IV & V

परीक्षा पुस्तिका संकेत
Test Booklet Code

**P**

परीक्षा पुस्तिका संख्या
Test Booklet No.

इस पुस्तिका में **20** पृष्ठ हैं ।
This booklet contains **20** pages.

**इस परीक्षा पुस्तिका को तब तक न खोलें जब तक कहा न जाए ।**
**Do not open this Test Booklet until you are asked to do so.**
**इस परीक्षा पुस्तिका के पिछले आवरण (पृष्ठ 19 व 20) पर दिए निर्देशों को ध्यान से पढ़ें ।**
**Read carefully the Instructions on the Back Cover (Page 19 & 20) of this Test Booklet.**

**गुजराती में निर्देशों के लिए इस पुस्तिका का पृष्ठ 2 देखें । / For instructions in Gujarati see Page 2 of this Booklet.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. यह पुस्तिका मुख्य परीक्षा पुस्तिका की एक परिशिष्ट है, उन परीक्षार्थियों के लिए जो या तो भाग IV (भाषा I) **या** भाग V (भाषा II) **गुजराती** भाषा में देना चाहते हैं, लेकिन **दोनों नहीं** ।
2. परीक्षार्थी भाग I, II, III के उत्तर मुख्य परीक्षा पुस्तिका से दें और भाग IV व V के उत्तर उनके द्वारा चुनी भाषाओं से ।
3. अंग्रेज़ी व हिन्दी भाषा पर प्रश्न मुख्य परीक्षा पुस्तिका में भाग IV व भाग V के अन्तर्गत दिए गए हैं । भाषा परिशिष्टों को आप अलग से माँग सकते हैं ।
4. इस पृष्ठ पर विवरण अंकित करने एवं उत्तर पत्र पर निशान लगाने के लिए **केवल काले/नीले बॉल पॉइंट पेन** का प्रयोग करें ।
5. इस भाषा पुस्तिका का **संकेत** है **P** । यह सुनिश्चित कर लें कि इस भाषा परिशिष्ट पुस्तिका का संकेत, उत्तर पत्र के **पृष्ठ**-2 एवं मुख्य परीक्षा पुस्तिका पर छपे संकेत से मिलता है । अगर यह भिन्न हो, तो परीक्षार्थी दूसरी भाषा परिशिष्ट परीक्षा पुस्तिका लेने के लिए निरीक्षक को तुरन्त अवगत कराएँ ।
6. इस परीक्षा पुस्तिका में **दो** भाग IV और V हैं, जिनमें **60** वस्तुनिष्ठ प्रश्न हैं, जो प्रत्येक 1 अंक का है :
   भाग-IV : भाषा I - (गुजराती) (प्र. 91 से प्र. 120)
   भाग-V : भाषा II - (गुजराती) (प्र. 121 से प्र. 150)
7. भाग-IV में भाषा-I के लिए 30 प्रश्न और भाग-V में भाषा-II के लिए 30 प्रश्न दिए गए हैं । इस परीक्षा पुस्तिका में केवल गुजराती भाषा से संबंधित प्रश्न दिए गए हैं । **यदि भाषा-I और/या भाषा-II में आपके द्वारा चुनी गई भाषा(एँ) गुजराती के अलावा है तो कृपया उस भाषा वाली परीक्षा पुस्तिका माँग लीजिए । जिन भाषाओं के प्रश्नों के उत्तर आप दे रहे हैं वह आवेदन पत्र में चुनी गई भाषाओं से अवश्य मेल खानी चाहिए ।**
8. **परीक्षार्थी भाग-V (भाषा-II) के लिए, भाषा सूची से ऐसी भाषा चुनें जो उनके द्वारा भाषा I (भाग-IV) में चुनी गई भाषा से भिन्न हो ।**
9. रफ कार्य परीक्षा पुस्तिका में इस प्रयोजन के लिए दी गई खाली जगह पर ही करें ।
10. सभी उत्तर केवल OMR उत्तर पत्र पर ही अंकित करें । अपने उत्तर ध्यानपूर्वक अंकित करें । उत्तर बदलने हेतु श्वेत रंजक का प्रयोग निषिद्ध है ।

## *INSTRUCTIONS FOR CANDIDATES*

1. This booklet is a supplement to the Main Test Booklet for those candidates who wish to answer **EITHER** Part IV (Language I) **OR** Part V (Language II) in **GUJARATI** language, but **NOT BOTH**.
2. Candidates are required to answer Parts I, II, III from the Main Test Booklet and Parts IV and V from the languages chosen by them.
3. Questions on English and Hindi languages for Part IV and Part V have been given in the Main Test Booklet. Language Supplements can be asked for separately.
4. Use **Black/Blue Ball Point Pen only** for writing particulars on this page / marking responses in the Answer Sheet.
5. The CODE for this Language Booklet is **P**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet and on your Main Test Booklet is the same as that on this Language Supplement Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of the Language Supplement Test Booklet.
6. This Test Booklet has **two** Parts, IV and V, consisting of **60** Objective Type Questions, each carrying 1 mark :
   Part-IV : Language I - (Gujarati) (Q. 91 to Q. 120)
   Part-V : Language II - (Gujarati) (Q. 121 to Q. 150)
7. Part-IV contains 30 questions for Language-I and Part-V contains 30 questions for Language-II. In this Test Booklet, only questions pertaining to Gujarati language have been given. **In case the language/s you have opted for as Language-I and/or Language-II is a Language other than Gujarati, please ask for a Test Booklet that contains questions on that language. The language being answered must tally with the languages opted for in your Application Form.**
8. **Candidates are required to attempt questions in Part -V (Language-II) in a language other than the one chosen as Language-I (in Part-IV) from the list of languages.**
9. Rough work should be done only in the space provided in the Test Booklet for the same.
10. The answers are to be recorded on the OMR Answer Sheet only. Mark your responses carefully. No whitener is allowed for changing answers.

परीक्षार्थी का नाम (बड़े अक्षरों में) : ____________________
Name of the Candidate (in Capitals) :
अनुक्रमांक : (अंकों में) ____________________
Roll Number : in figures
: (शब्दों में) ____________________
: in words
परीक्षा केन्द्र (बड़े अक्षरों में) : ____________________
Centre of Examination (in Capitals) :
परीक्षार्थी के हस्ताक्षर : ____________ निरीक्षक के हस्ताक्षर : ____________
Candidate's Signature : Invigilator's Signature :
Facsimile signature stamp of
Centre Superintendent ____________________

P

**Lang. Code : 06**

# TAJ 19-I

પરીક્ષા પુસ્તિકા સંકેત

**P**

**આ પુસ્તિકામાં 20 પાનાં છે.**

**પેપર I**

**ગુજરાતી ભાષા પરિશિષ્ટ**

**ભાગ IV & V**

**આ પરીક્ષા પુસ્તિકા સૂચના ન મળે ત્યાં સુધી ખોલવી નહીં.**

**આ પરીક્ષા પુસ્તિકાના પાછળના આવરણમાં (19 & 20) આપેલા નિર્દેશોને ધ્યાનથી વાંચો.**

*પરીક્ષાર્થીઓ માટે દિશાનિર્દેશ* :

1. આ પુસ્તિકા મુખ્ય પરીક્ષા પુસ્તિકાનું એક પરિશિષ્ટ છે, પરીક્ષાર્થી માટે જે ભાગ IV (ભાષા I) **અથવા** ભાગ V (ભાષા II) ગુજરાતી ભાષામાં આપવા ચાહે છે, પણ બન્ને નહિ ફક્ત **એકજ.**
2. પરીક્ષાર્થી ભાગ I, II, III ના ઉત્તર મુખ્ય પરીક્ષા પુસ્તિકામાં આપે અને ભાગ IV અને V ના ઉત્તર તેમને ચયન કરેલ ભાષામાં આપે.
3. અંગ્રેજી અને હિન્દી ભાષાના પ્રશ્નો મુખ્ય પરીક્ષા પુસ્તિકાના ભાગ IV અને ભાગ V ના અન્તર્ગત આપેલા છે. ભાષા પરિશિષ્ટોને તમે અલગથી માગી શકો છો.
4. આ પૃષ્ઠ પર લખવા અને પ્રિન્ટ અંકિત કરવા માટે **માત્ર બ્લેક/બ્લૂ બૉલ પોઈંટ પેન**નો જ પ્રયોગ કરી શકે છે.
5. આ ભાષા પુસ્તિકાનો સંકેત (code) છે **P**. આ વાતની ખાતરી કરી લેવી કે ભાષા પરિશિષ્ટ પુસ્તિકાનો સંકેત, ઉત્તર પત્રના **પૃષ્ઠ-2** અને મુખ્ય પરીક્ષા પુસ્તિકા પર છાપેલા સંકેતથી મેળ થાય છે કે નહિ. જો તે જુદો હોય તો પરીક્ષાર્થી બીજી ભાષા પરિશિષ્ટ પરીક્ષા પુસ્તિકા લેવા માટે નિરીક્ષકને તરત જ જણાવે.
6. આ પુસ્તિકામાં બે ભાગ IV અને V છે. જેમાં કુલ 60 વસ્તુનિષ્ઠ પ્રશ્નો છે જે પ્રત્યેક 1 ગુણ ધરાવે છે :
   ભાગ IV : ભાષા I – (ગુજરાતી) *(પ્ર. 91 થી પ્ર. 120)*
   ભાગ V : ભાષા II – (ગુજરાતી) *(પ્ર. 121 થી પ્ર. 150)*
7. ભાગ IV માં ભાષા I માટે 30 પ્રશ્ન અને ભાગ V માં ભાષા II માટે 30 પ્રશ્નો આપેલા છે. આ પરીક્ષા પુસ્તિકામાં માત્ર ગુજરાતી ભાષા સંબંધિત પ્રશ્નો આપેલા છે. **જો ભાષા I અને/અથવા II માં તમારી ચયન કરેલ ભાષા ગુજરાતી સિવાયની છે તો આપે ગુજરાતી ભાષા વાળી પુસ્તિકા માંગી લેવી. જે ભાષાઓના પ્રશ્નોના ઉત્તર આપ આપી રહ્યા છો તે આવેદન પત્રમાં ચયન કરેલ ભાષાથી અવશ્ય મેળ ખાવી જોઈએ.**
8. **પરીક્ષાર્થી ભાગ V (ભાષા II) માટે ભાષા સૂચિમાંથી એવી ભાષાનું ચયન કરે જે તેમના દ્વારા ભાષા I (ભાગ IV) માં ચયન કરેલી ભાષાથી જુદી હોય.**
9. રફ કાર્ય પરીક્ષા પુસ્તિકામાં આપેલ ખાલી જગ્યામાં જ કરો.
10. બધા ઉત્તર માત્ર ઓ.એમ.આર. (OMR) ઉત્તર પત્ર પર જ અંકિત કરવા. પોતાના ઉત્તર ધ્યાનપૂર્વક અંકિત કરવા. ઉત્તર બદલવા માટે શ્વેત રંજક (whitener) નો પ્રયોગ નિષિદ્ધ છે.

પરીક્ષાર્થીનું નામ (મોટા અક્ષરોમાં) : ____________________

અનુક્રમાંક : અંકોમાં ____________________

: શબ્દોમાં ____________________

પરીક્ષા કેંદ્ર (મોટા અક્ષરોમાં) : ____________________

પરીક્ષાર્થી દસ્તખત : ____________ નિરીક્ષક દસ્તખત : ____________

Facsimile signature stamp of
Centre Superintendent ____________________

**ભાગ-IV (પ્ર. 91 થી 120)** ફક્ત **ગુજરાતી** ભાષા-**I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-IV (Q.No. 91-120)**, if they have opted Gujarati as **Language-I** only.

# ભાગ – IV
## ભાષા – I
## ગુજરાતી

**સૂચના :** ભાગ – IV (પ્ર. **91** થી **120**) ફક્ત **ગુજરાતી** ભાષા – **I** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (91-99).**

પુરાણોક્ત પંચતત્ત્વમાં પાણીનું પ્રથમ સ્થાન છે. મનુષ્યદેહમાં એંશી પ્રતિશત જળ જ છે. પૃથ્વીની ઉત્પત્તિથી જ માનવ ત્યાં જ વસી શક્યો છે, જ્યાં જળવૈપુલ્ય છે. જળ સંસ્કૃતિનું ઉદ્‌ગમસ્થાન ગણાય છે. વૈજ્ઞાનિક દષ્ટિકોણથી જળને જોઈએ તો તેના બે મુખ્ય પ્રકાર છે. એક – ઓછા ક્ષારયુક્ત, બે – વધુ ક્ષારયુક્ત. આ ઉપરાંત પુરાણોમાં અને પ્રાચીન ગ્રંથોમાં પણ પાણીના ‘ભૌમ’ અને ‘દિવ્ય’ એવા બે પ્રકારો વર્ણવાયા છે. વળી અન્ય ચાર પ્રકારોમાં ‘ધારાજ’, ‘કરકાભવ’, ‘તૌષાર’ અને ‘હેમજલ’ એવા પ્રકારો અનુક્રમે વરસાદના સીધા ઝીલાયેલા, કરા રૂપે, નદીજળરૂપે અને બરફરૂપે રહેલા પાણી માટે આપવામાં આવ્યા છે.

યાયાવરી જીવન જીવતાં આદિમાનવે જ્યારથી એક સ્થળે વસવાનો પ્રારંભ કર્યો ત્યારથી તેણે જળસંચયના વિવિધ પ્રયોગો કર્યા. આવો પ્રથમ પ્રયોગ સરોવર અથવા તળાવના રૂપમાં હતો. ક્રમશઃ અનુભવના આધારે માનવે વિવિધ પ્રકારના તળાવોનું નિર્માણ શરૂ કર્યું અને ભદ્ર, સુભદ્ર, ચતુષ્કોણ, માલસર, અર્ધવર્તુળ અને પૂર્ણવર્તુળ એમ 6 મુખ્ય પ્રકારનાં તળાવોનું નિર્માણ થયું.

મનુષ્યના બુદ્ધિવિકાસની સાથે જળસંચયની તકનીકમાં પણ પરિવર્તનો થયા. ભૂજલની ઉપયોગિતા માટે માનવે કૂવો ખોદવાનું પણ શરૂ કર્યું. પ્રાચીન વાસ્તુશાસ્ત્રમાં કૂવાના મુખ્ય પ્રકારોમાં શંકર, જયનંદ, શ્રીમુખ, વૈજ્ય, પ્રાંત, દુંદુભિ, મનોહર, ચુડામણિ અને દિગ્ભદ્રનો સમાવેશ થાય છે. વાસ્તુશાસ્ત્રના આ પ્રકારો ઉપરાંત કૂવાની ઉપયોગિતા અને એ બાંધનારના નામ મુજબના પ્રકારો પણ છે. કેડિયા, કોશિયા, રેંટિયા, નવઘણી વગેરે આ પ્રકારના કૂવા છે.

જળસંચય માટેની વિવિધ તરકીબો અને ઉપાયોમાં કૂવાના નાના રૂપ જેવી કૂઈનો અને તેના વિશાળ સ્વરૂપ જેવી ‘વાવ’નો સમાવેશ થાય છે. વાવના પણ ઘણા બધાં પ્રકાર છે. જેમાં સાત મુખ્ય પ્રકારો આ પ્રમાણે છે. નંદા, ભદ્ર, જયા, વિજયા, દીર્ઘિકા, ભોલરી અને જીવતી. વાવ એ કૂવાનો એવો પ્રકાર છે જેમાં પગથિયાં ઉપરાંત ગુપ્ત છુપાવવાના સ્થાન, રસ્તો, ખજાનો ઈત્યાદિ હોય છે અને લોકસાહિત્યમાં વાવનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે.

**91.** **પાણીના કેવા પ્રકારના રૂપને ‘તૌષાર’ રૂપ કહેવાયું છે ?**

(1) સરિતાજળને

(2) કૂવાના પાણીને

(3) સરોવર નીરને

(4) વર્ષાવારિને

**92.** નંદા અને દીર્ઘિકા એ શેના માટે પ્રયોજાતા નામો છે ?

(1) અલકનંદા

(2) વાવ માટે

(3) મહાનંદા

(4) સુનંદા

**93.** વિજ્ઞાનમાં જળના કેટલા પ્રકારો ઉલ્લેખવામાં આવ્યા છે ?

(1) બે

(2) ચાર

(3) નવ

(4) અગિયાર

**94.** ગુજરાતી લોકગીતોમાં નીચેનામાંથી કઈ બાબત વધુ ચર્ચાઈ કે ઉલ્લેખાઈ છે ?

(1) નદી

(2) વરસાદ

(3) વીજળી

(4) વાવ

**95.** આ પરિચ્છેદના પ્રથમ વાક્યમાં કયો અલંકાર વિનિયોજાયો છે ?

(1) અપ્રસ્તુતપ્રશંસા

(2) ઉત્પ્રેક્ષા

(3) વ્યાજસ્તુતિ

(4) વર્ણાનુપ્રાસ

**96.** મનોહર અને ચૂડામણિ કોને કહેવાય છે ?

(1) કૂવાને

(2) ગંગાને

(3) વરસાદને

(4) સરોવરને

**97.** 'નવઘણી' કૂવો કેવા પ્રકારનો ગણાય છે ?

(1) બાંધનારના નામે

(2) નવ ગજ ઊંડાઈવાળો

(3) નવસો પગથિયાંવાળો

(4) નવનાથે બાંધેલો

**98.** સ્થાયી જીવન શરૂ કરતાં પૂર્વે મનુષ્ય કેવું જીવન જીવતો ?

(1) વૃક્ષવાસી

(2) સમુદ્રવાસી

(3) રખડતું-ભટકતું

(4) વનવાસી

**99.** વિધવિધ નામો ધરાવતાં જળસંચયકેન્દ્રી તળાવોના પ્રકારો કેટલા ઉલ્લેખાયા છે ?

(1) સાત

(2) છ

(3) પાંચ

(4) અગિયાર

**નીચેનું કાવ્ય વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરમાંથી સાચો ઉત્તર શોધીને લખો (100-105) :**

જગતની જૂઠી જબાન વિશે જો દુઃખ વાસે છે
જરાયે અંતરે આનંદ ન ઓછો થવા દેજે
કચેરી માંહી કાજીનો નથી હિસાબ કોડીનો
જગતકાજી બનીને તું વહોરી ના પીડા લેજે
રહે ઉન્મત્ત સ્વાનંદે ખરું એ સુખ માની લેજે
પીએ તો શ્રી પ્રભુના પ્રેમનો પ્યાલો ભરી લેજે
જગત બાજીગરીના તું બધાં છલબલ જવા દેજે
અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માંગે તો
ન માંગે દોડતું આવે ન વિશ્વાસે કદી રહેજે
અરે, એ કિમિયાની જે મઝા છે તે પછી કહેજે

**100. 'જગતની જૂઠી જબાન...' માં કયો અલંકાર પ્રયોજાયો છે ?**

(1) ઉત્પ્રેક્ષા
(2) ઉપમા
(3) વર્ણસગાઈ
(4) અનન્વય

**101. 'સ્વાનંદે' શબ્દનો નિમ્નલિખિતમાંથી કયો પર્યાય ખરો છે ?**

(1) પરમાનંદે
(2) નિજાનંદે
(3) મહાનંદે
(4) અખંડાનંદે

**102. દુનિયાના ન્યાયાધીશ બનીને શું નહીં કરવાની કવિ ભલામણ કરે છે ?**

(1) હિસાબ નહીં કરવાની
(2) ન્યાય નહીં તોળવાની
(3) દુઃખ નહીં અનુભવવાની
(4) કચેરીમાં નહીં બેસવાની

**103. 'કિમિયાની જે મઝા'માં ક્યુ વ્યાકરણ વૈશિષ્ટ્ય પ્રતિબિંબિત છે ?**

(1) છંદશાસ્ત્ર (2) સિદ્ધહેમ
(3) નિપાત (4) અન્વય

**104. મનુષ્યનું નસીબ કવિના કહેવા પ્રમાણે કઈ રીતે અંતર રાખે છે ?**

(1) આળસ કરવાથી (2) નાસ્તિકતાથી
(3) માંગવાથી (4) પરિશ્રમથી

**105. 'જગત બાજીગરીના'માં કઈ વિભક્તિ વાપરવામાં આવી છે ?**

(1) તૃતીયા અધિકરણ
(2) પંચમી પ્રથમા
(3) ષષ્ઠી
(4) ચતુર્થ અધિકૃતિ

**106. પહેલા ધોરણ માટેના ભાષાના પાઠ્યપુસ્તકમાં વર્ણમાળા ઉપરાંત બે અક્ષરોના અને ત્રણ અક્ષરોના શબ્દો હોય છે અને ત્યારબાદ વાર્તાઓ અને કાવ્યો હોય છે. આ યોજનામાં કયો અભિગમ અપનાવાયો છે ?**

(1) પ્રારંભથી ઉચ્ચ ગતિનો અભિગમ (બોટમ્સ-અપ અપ્રોચ)
(2) ઉચ્ચાવનત અભિગમ (ટોપ્સ-ડાઉન અપ્રોચ)
(3) વિદ્યાશાખાકીય અભિગમ (ડિસિપ્લીનરી અપ્રોચ)
(4) પાઠ્યક્રમ યોજના અભિગમ (કરીક્યુલમ ફ્રેમવર્ક અપ્રોચ)

**107. રિડિંગ ડિસઓર્ડર એટલે શું છે ?**

(1) ડિસ્લેક્સિયા
(2) ડિસ્ગ્રાફિયા
(3) ડિસ્કેલ્ક્યુલા
(4) ડિસ્ફોરિયા

**108. ભાષાના વર્ગમાં લેખન પ્રવૃત્તિનો પ્રારંભ કરવા માટે શિક્ષકે શું કરવું જોઈએ ?**

(1) વિદ્યાર્થીઓને ભણાવાઈ રહેલા મુદ્દા વિશે ચિંતન કરવાનું અને નવા વિચારો પ્રસ્તુત કરવાનું કહેવું જોઈએ

(2) બ્લેકબોર્ડ પર લખાયેલાં ફકરાની નકલ કરવા માટે વિદ્યાર્થીઓને કહેવું.

(3) શાળાએ આવતા પહેલા ઘરેથી વિવિધ વિષય પરનું લખાણ વાંચીને આવવાની સૂચના વિદ્યાર્થીઓને આપવી.

(4) વિદ્યાર્થીઓને સુવાચ્ય અક્ષરોમાં લખવાની સૂચના આપવી.

**109. એક બાળક પ્રાથમિક રીતે માતૃભાષા કઈ રીતે શીખે છે ?**

(1) શ્રવણ દ્વારા

(2) બોલીને

(3) લેખન દ્વારા

(4) ઔપચારિક શિક્ષણ પદ્ધતિ દ્વારા

**110. નીચેનામાંથી કઈ વસ્તુ ઉત્પાદક કૌશલ્યમાં આવે છે ?**

(1) વાંચન અને લેખન

(2) વાંચન અને શ્રવણ

(3) વક્તવ્ય અને લેખન

(4) વક્તવ્ય અને શ્રવણ

**111. ત્રીજા ધોરણના વર્ગમાં કવિતા ભણાવ્યા પછી શિક્ષિકા કરુણાએ વિદ્યાર્થીઓને કશુંક કાર્ય આપવાનું નક્કી કર્યું. વિદ્યાર્થીઓ તેમાં સક્રિય રીતે ભાગ લઈ શકે એ માટે તેણે નીચેનામાંથી કયું કામ આપવું જોઈએ ?**

(1) કવિતાના અંતે આપેલા પ્રશ્નોના ઉત્તરો લખવાનું.

(2) જૂથો રચીને દરેક જૂથને કવિતાનું અર્થઘટન આપવાનું કહેવું.

(3) પાઠ્યપુસ્તકમાં રહેલી આ કવિતાની દરેક પંક્તિ યાદ કરી લેવાની વિદ્યાર્થીઓને સૂચના આપવી.

(4) કવિતામાં પ્રયોજાયેલા નવા શબ્દોના ઉપયોગ દ્વારા વાક્યરચના કરવાની વિદ્યાર્થીઓને સૂચના આપવી.

**112. ભાષા શીખવા માટે કે ભાષા જ્ઞાન સંપાદિત કરવા સંદર્ભે નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(1) બાળકોમાં ભાષા શીખવાની આંતરિક ક્ષમતા હોતી નથી.

(2) બાળકો શાળાએ આવ્યા પછી જ ભાષા શીખે છે.

(3) પ્રત્યેક બાળકમાં ભાષા શીખવાની જન્મજાત ક્ષમતા હોય છે.

(4) બાળકો વિવિધ સંશાધનો દ્વારા ભાષા શીખે છે.

**113. ભાષા શીખવા માટે નીચેનામાંથી કઈ વસ્તુ અત્યંત મહત્ત્વની છે ?**

(1) TLM નો ઉપયોગ (અધ્યયન-અધ્યાપન સામગ્રી)

(2) સામાજિક આદાનપ્રદાન

(3) પુસ્તકોનું વાંચન

(4) નાટકો અથવા ફિલ્મો જોવી

**114. પાઠ્યપુસ્તકમાં કે તેના પ્રકરણમાં (કવિતા/પાઠમાં) ચિત્ર કે રેખાંકન આપવા માટેનું ખરું પ્રયોજન શું છે ?**

(1) પાઠ્યપુસ્તકમાં કે પ્રકરણમાં રેખાંકન/ચિત્રો આપવાની પરંપરા છે.

(2) તેનાથી પાઠ્યપુસ્તક આકર્ષક બને છે.

(3) તેનાથી અમૂર્ત વિષયને સમજવામાં મદદ મળે છે.

(4) પ્રકરણ લખવાનું અઘરું છે પણ તેના રેખાંકન બનવવાનું સહેલું છે.

**115. વિદ્યાર્થીઓમાં લેખન કૌશલ્ય કેળવવા માટે શિક્ષકે નીચેનામાંથી કયા મહત્ત્વના પરિણામને ધ્યાનમાં લેવું જોઈએ ?**

(1) હસ્તાક્ષર

(2) વ્યાકરણ

(3) અભિવ્યક્તિ

(4) શબ્દ સંખ્યાની મર્યાદા

**116. ડિસ્લેક્સિયાને નીચેનામાંથી શેની સાથે સંબંધ છે ?**

(1) માનસિક અસ્વસ્થતા (મેન્ટલ ડિસઓર્ડર)

(2) વર્તનગત અસ્વસ્થતા (બિહેવિયરલ ડિસઓર્ડર)

(3) ગાણિતિક અક્ષમતા (મેથેમેટિકલ ડિસઓર્ડર)

(4) વાંચનની અક્ષમતા (રિડિંગ ડિસઓર્ડર)

**117. પાઠ્યપુસ્તકના વાંચન વખતે નીચેનામાંથી કઈ બાબત અત્યંત મહત્ત્વની છે ?**

(1) સ્પષ્ટ ઉચ્ચારો સાથેનું વાંચન

(2) વિરામચિહ્નોનો સમુચિત વિનિયોગ

(3) પાઠના અર્થની યોગ્ય સમજણ

(4) શીઘ્ર અથવા ત્વરિત વાંચન

**118. બીજા ધોરણની શિક્ષિકા તાશા વિદ્યાર્થીઓના શબ્દભંડોળના વિકાસ માટે કટિબદ્ધ છે. નીચેનામાંથી કઈ બાબત શબ્દભંડોળના વિકાસ માટે ઉત્તમ ઉપાય બની શકે ?**

(1) નવો પાઠ વાંચતાં પહેલાં વિદ્યાર્થીઓ એમાંનાં બધા જ નવા શબ્દો યાદ કરી લે.

(2) આપવામાં આવેલા પાઠના પૂર્વાપર સંદર્ભમાં વિદ્યાર્થીઓ નવા શબ્દોના અર્થોનું અનુમાન કરે.

(3) દરેક નવા અથવા અઘરા શબ્દ માટે વિદ્યાર્થીઓ શબ્દકોશની મદદ લે.

(4) વિદ્યાર્થીઓ દરેક નવા અને અઘરા શબ્દને અધોરેખિત કરે અને એના અર્થને યાદ રાખી લે.

**119. બીજા ધોરણની એક શિક્ષિકા વર્ગના બાળકોને એક રસપ્રદ વાર્તા સાભિનય સંભળાવે છે. વાર્તા પૂરી થયા પછી શિક્ષિકા વર્ગના કેટલાંક વિદ્યાર્થીઓને આ જ વાર્તા પોતાના શબ્દોમાં વર્ગ સમક્ષ રજૂ કરવાનું જણાવે છે. આ દ્વારા શિક્ષિકા વિદ્યાર્થીઓની કઈ ક્ષમતાનું આકલન કરી રહી છે ?**

(1) શ્રવણક્ષમતા (2) વક્તવ્યક્ષમતા

(3) વાંચનક્ષમતા (4) લેખનક્ષમતા

**120. મુદ્રિત સામગ્રીથી સજ્જ વર્ગખંડ એટલે ...**

(1) વર્ગખંડની દીવાલો રંગબેરંગી છે.

(2) ભણાવાઈ રહેલા વિષયને અનુરૂપ લેખિત-મુદ્રિત સામગ્રીને દીવાલો પર ઉપલબ્ધ કરાવી આપવી.

(3) મોટા અક્ષરોમાં લખાયેલાં વર્ણમાળાનાં ચાર્ટ દીવાલો પર લગાવવાં.

(4) વિવિધ રંગોમાં લખાયેલી, રેખાચિત્રો સાથેની કવિતાઓ દ્વારા દીવાલોનું સુશોભન કરવું.

**ભાગ-V (પ્ર. 121 થી 150)** ફક્ત **ગુજરાતી** ભાષા-**II** નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

Candidates should attempt the questions from **Part-V (Q.No. 121-150)**, if they have opted Gujarati as **Language-II** only.

# ભાગ – V
## ભાષા – II
## ગુજરાતી

સૂચના : ભાગ – V (પ્ર. 121 થી 150) ફક્ત ગુજરાતી ભાષા – II નો વિકલ્પ પસંદ કરનારે જ લખવા.

**નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (121-128).**

આહાર આદિમજાતની અનિવાર્ય આવશ્યકતા અને આવેગ છે. માનવદેહ એક યંત્ર સમાન જ છે જેને સમયે-સમયે ખોરાક, પાણી અને હવાની જરૂર છે અને એ તત્ત્વો આ યંત્રનું ઈંધણ છે. બલ્કે આગળ વધીને એમ કહી શકીએ કે આહાર એ સજીવ માત્રનો પ્રાથમિક આવેગ છે.

આહારની અનિવાર્યતા, ઉપયોગિતા અને તેના ચાલકબળ તરીકેની મહત્તા સ્વીકારીને ચાલીએ તો સાથોસાથ તે પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે મનુષ્યે જેટલું ધ્યાન આહારના વૈવિધ્ય પર રાખવાનું છે એટલું જ તેની માત્રા સંદર્ભે પણ રાખવાનું છે.

બહુ લાંબા સમય સુધી જો માણસ આહાર ન લે તો તે મરણશરણ થઈ જાય. આથી સમયાંતરે આહાર લેવાની ભારોભાર જરૂરિયાત છે. તો સાથોસાથ આહાર ક્યારે, કેવો અને કેટલા જથ્થામાં લેવો જેથી તે આડઅસર કે પ્રતિકૂળ અસર ન કરે તે પણ ધ્યાનમાં રાખવું અત્યંત આવશ્યક છે.

મહર્ષિ ચરક, ચાર્વાક અને ચ્યવને પોતાના લખાણોમાં આહારના આવેગને બે પ્રકારોમાં વર્ગીકૃત કર્યા છે. જેમાં પ્રથમ છે શરીરની જરૂરિયાતમાંથી ઉદ્‌ભવતો આવેગ. સમયાંતરે શરીરને જ્યારે ઈંધણની જરૂરત પડે ત્યારે અથવા તો પેટ ખાલી થાય ત્યારે તે ભૂખનો સંકેત આપે છે અને આપણે ખાઈએ છીએ. આ પ્રાથમિક જરૂરિયાત છે. બીજી જરૂરિયાત છે રસેન્દ્રિયમાંથી વિવિધ સ્વાદની પરિતૃપ્તિ. અહીં સ્પષ્ટપણે ભૂખ અને સ્વાદ બે ભિન્ન અનુભૂતિઓ અલગ તારવી આપવામાં આવી છે. આ ત્રણેય આયુર્વેદશાસ્ત્રીઓએ આ બંને વચ્ચેના તફાવતના પણ નિર્દેશો કર્યા છે. મનુષ્યને માત્ર પોષણ કે ભોજન જ નથી જોઈતું પણ સ્વાદિષ્ટ અને રસપૂર્ણ ભોજન જોઈએ છે. આને લીધે ભોજનમાં અનંત અને અપાર વિવિધતા છે આ વિવિધતા જ આપણને ક્યારેક અસંયમી બનાવે એવી સંભાવના રહેલી છે. તેથી વૈદકમાં આહાર પર સંયમનો મહિમા કરાયો છે. એટલે જ આધુનિક સમયમાં ડાયેટિશિયન અથવા આહારશાસ્ત્રીઓની એક વિદ્યાશાખા વિકસી છે. આપણું શરીર, આપણી હોજરી, આપણું પેટ એ કંઈ કચરાટોપલી નથી કે એમાં ગમે ત્યારે ગમે તેવી ચીજો આપણે બિનજરૂરી રીતે ઠૂંસી દઈએ. જરા વિચાર તો કરો, ફક્ત શાકાહારી ખોરાકમાં પણ કેટલું વૈવિધ્ય છે જે સંયમીઓ માટે પડકાર બની રહે છે. આપણું શરીર આત્માનું મંદિર છે. સ્વાભાવિક રીતે જ આપણે મંદિરમાં હંમેશા પવિત્ર અને સ્વચ્છ પદાર્થોને જ સ્થાન આપીએ છીએ તે રીતે પેટમાં પણ સાફ, તાજી અને પાચન યોગ્ય ચીજોને જ સ્થાન આપવું જોઈએ. રોજ સવારનો પ્રારંભ જો ઉષ્ણોદકથી કરીએ તો પેટની સફાઈ અને તંદુરસ્તી જળવાઈ રહે એમ આયુર્વેદમાં કહેવાયું છે. આહાર પ્રત્યે આસક્તિ કેળવવાની નહીં પણ તાટસ્થ્ય કેળવવાની જરૂર આધુનિક સમયની માંગ છે.

121. મરણશરણ કયો સમાસ ગણાશે ?

(1) મધ્યમપદલોપી

(2) કર્મધારય

(3) બહુવ્રીહિ

(4) કરણ તત્પુરુષ

122. 'ભારોભાર' એ કેવો પ્રયોગ છે ?

(1) દ્વિરુક્તિ

(2) કર્તરિ

(3) કર્મણિ

(4) ભાવેપ્રયોગ

123. ચ્યવન, ચરક, ચાર્વાકાદિ કોણ હતાં ?

(1) તપસ્વીઓ

(2) વૈદ્ય

(3) આહારશાસ્ત્રી

(4) વિદ્યાગુરુઓ

124. આપણા સમયની નવી વિદ્યાશાખા કઈ ગણાશે ?

(1) જિમ્નેશિયમ

(2) ફિટનેસ સેન્ટર

(3) હોસ્પિટલ

(4) ડાયેટિશિયન્સ

125. 'વિચાર તો કરો' માં 'તો' પદ કયા વ્યાકરણ વૈશિષ્ટ્યનો સંકેતક છે ?

(1) ભારદર્શક

(2) નિપાત

(3) સંયોજક

(4) વિભાજક

126. 'ઉષ્ણોદક'નો પર્યાયવાચી નીચેનામાંથી કયો છે ?

(1) ગરમ પાણી

(2) શુદ્ધોદક

(3) ગંગોદક

(4) શીતોદક

127. 'આસક્તિ'ની વિરુદ્ધાર્થી સંજ્ઞા નીચેનામાંથી કઈ હોઈ શકે ?

(1) નવાસક્તિ

(2) અનાસક્તિ

(3) ક્ષુધાસક્તિ

(4) તૃષાસક્તિ

128. 'શરીર આત્માનું મંદિર છે' માં કયો અલંકાર છે ?

(1) સજીવારોપણ

(2) અનન્વય

(3) ઉત્પ્રેક્ષા

(4) રૂપક

**નીચે આપેલ ફકરો કાળજીપૂર્વક વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો યોગ્ય વિકલ્પ શોધીને લખો (129-135) :**

સમાજ એટલે સંઘભાવના, સમૂહમાં રહેવાની વ્યવસ્થા એટલે સમાજ. બદલાતા જતાં વહેણમાં સમાજ સામે, તેના અસ્તિત્ત્વ સામે અનેક પડકારો છે. આધુનિકતાનો પુટ જેમ જીવનને લાગતો જાય તેમ સુખના પરિણામો સ્વકેન્દ્રી બનતા જાય. કોલાહલ વચ્ચે એકલતાના નિશ્વાસ ગુંજવા લાગે ત્યારે સમાજની મહત્તા સમજાય. સમૂહ કે સમાજનું અસ્તિત્ત્વ, સહિષ્ણુતા અને સમભાવ ઝંખતું હોય છે. જેમ પરિવારનો આકાર સંકોચાતો ગયો તેમ વ્યક્તિપરક વર્તુળ વિસ્તરતું ગયું. કુટુંબહિતના સ્થાને અંગત હિતનો ખ્યાલ કેન્દ્રિત થાય ત્યારે કુટુંબભાવના સામે પ્રશ્ન સર્જાય છે. એકમેકની વ્યથા વહેંચી ન શકનારા, કે અન્યના અંતરમનમાં ડોકિયું ના કરી શકનારા વિપરીત સંજોગોમાં ખૂબ જલદી પરાજિત થાય છે. સંતાનને આગવું વિશ્વ ઉભું કરવાની પ્રેરણા અને સગવડ મા-બાપ તરફથી જ મળતી હોય છે. બાળકને અલાયદા રૂમમાં અળગું કરવાની આધુનિક વિચારધારા ભલે અમલી બની હોય અને એકદંડિયા મહેલમાં ઉછરેલો મનુષ્ય તો ભીડમાં ય એકલતા જ અનુભવે છે અને ઉદાસી બારમાસી બની જાય છે. સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે. વણખેડાયેલા ક્ષેત્રોમાં યુવાનોનું પદાર્પણ થયું છે. સાથે-સાથે જનપદી અને શહેરી જીવનશૈલીમાં મોટું પરિવર્તન આવ્યું છે. આર્થિક અસમાનતા વધતી જાય છે. સમાજમાં નવા ધારા-ધોરણો સ્થપાવા લાગ્યા છે. સામાજિક સંપર્કના અભાવે ઉત્તરદાયિત્વ ઘટતું રહ્યું છે. સમયનો અભાવ સગા-સંબંધીઓનો સંપર્કમાં રિક્તતા ઉભી કરે ત્યારે વ્યક્તિને પ્રસન્નતા મળતી નથી.

અગાઉ કરતાં જીવનધોરણ સુધર્યું છે. ઘર સુખ-સગવડ અને મોજ-શોખની ચીજોથી સભર થયા છે. સંપન્નતા હવે પ્રદર્શનમાં પરિણમી છે. શિક્ષણ ધનવ્યયની નિરર્થકતા સમજાવે એ જરૂરી છે.

શિક્ષણ પ્રથામાં પણ આમૂલ પરિવર્તન આવ્યું છે. શિક્ષણ સંસ્થાઓનો હવે તોટો નથી. આર્થિક સદ્ધર લોકો ગમે તે ભણી શકવા સમર્થ છે. સ્વનિર્ભર સંસ્થાઓ ધનિકોનું લાલ જાજમે સ્વાગત કરવા તૈયાર હોય છે શિક્ષણ જાણે વિના નુકસાનનો ધંધો બની ગયું છે.

બદલાતા સમયે પગપાળા યાત્રાઓ વધારી, વ્રતો, તહેવારોને મંદિરોની સંખ્યામાં જરૂર વધારો કર્યો પણ સાચો ધર્મ સુકાતો ચાલ્યો. મા-બાપને વૃદ્ધાશ્રમમાં ધકેલી તેમની જીવનભરની કમાણીમાંથી નવો ફ્લેટ લઈ તેના વાસ્તુપૂજનમાં દીકરો પૂજા કરવા જાય છે. બદલાયેલ સમયે સમાજને શિક્ષિત અને ધનવાન તો બનાવ્યો છે પરંતુ એવું ઘણું બધું ભયમાં આવી પડ્યું છે.

129. લેખકના મંતવ્ય અને નિરીક્ષણ મુજબ શેની કમીથી ખાલીપો સર્જાય છે ?

(1) સમયની

(2) પૈસાની

(3) સંપર્કની

(4) સુખ-સુવિધાની

130. 'પૂજા કરવા જાય છે' વાક્યમાં કયા કૃદંતનો વિનિયોગ થયેલો આપ જોઈ શકો છો ?

(1) સંબંધક

(2) વિભેદક

(3) અનન્વય

(4) હેત્વર્થ કૃદંત

131. 'બારમાસી બની જાય છે' માં કયો સમાસ પ્રયુક્ત થયેલો જોવા મળે છે ?

(1) બહુવ્રીહિ

(2) દ્વિગુ

(3) તત્પુરુષ

(4) મધ્યમપદલોપી

132. 'સંપન્નતા' સંજ્ઞાની વિરુદ્ધાર્થી સંજ્ઞા તમારી જાણકારી મુજબ નીચેનામાંથી કઈ હોઈ શકે ?

(1) પ્રસન્નતા

(2) વિપનિતા

(3) લોકપ્રિયતા

(4) સમાનતા

133. શેના કારણે હવે જવાબદારી ઓછી થતી જતી હોવાનું લેખકનું નિરીક્ષણ અહીં વ્યક્ત થયું છે ?

(1) પૈસાને લીધે

(2) સુખ-સગવડને લીધે

(3) મોજ-શોખને કારણે

(4) સામાજિક સંપર્કહીનતાથી

134. ક્યાંની જીવનરીતિમાં અત્યારે ફેરફાર આવ્યો હોવાનું અહીં લેખકે નોંધ્યું છે ?

(1) સુખ-સગવડમાં

(2) ગ્રામીણ-નગરોની

(3) શિક્ષણની

(4) ધનવાનોની

135. 'કોલાહલ' સંજ્ઞાની સમાનાર્થી સંજ્ઞા તમારા મંતવ્ય અનુસાર નીચેનામાંથી કઈ હોઈ શકે ?

(1) ઘોંઘાટ

(2) હલાહલ

(3) પગરવ

(4) નિઃસ્તબ્ધતા

136. ચોથા ધોરણના વિદ્યાર્થીઓને એક શિક્ષિકા એક મુદ્દા પર મુક્તપણે લખવા માટે પ્રોત્સાહિત કરે, જો એ મુદ્દો નીચેનામાંથી કોઈ હોય તો કયો હોઈ શકે ?

(1) સામાજિક સમસ્યાઓ

(2) રાષ્ટ્રીય એકતા

(3) અંગત જીવન

(4) પર્યાવરણકેન્દ્રી પ્રશ્નો

137. ભાષાને અનૌપચારિક ઢબે શીખવાની પ્રક્રિયામાં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?

(1) લેંગ્વેજ લેબોરેટરી

(2) ઘરનું વાતાવરણ

(3) ભાષા પ્રશિક્ષણ કેન્દ્રો

(4) શાળા

138. વિદ્યાર્થીઓને તેમણે અગાઉ વાંચેલી વાર્તા ફરી કહેવાની સૂચના આપવાથી શિક્ષકને નીચેનામાંથી કઈ બાબતના આકલનમાં સહાયતા મળે છે ?

(1) સ્મૃતિ / યાદશક્તિ

(2) સમાવેશી આકલન (કોમ્પ્રિહેન્શન)

(3) ઉચ્ચારણો

(4) જોડણી

139. 'રાઈટિંગ ડિસઓર્ડર' એટલે શું ?

(1) ડિસ્લેક્સિયા

(2) ડિસ્ગ્રાફિયા

(3) ડિસ્કેલ્ક્યુલા

(4) ડિસ્ફોરિયા

140. વાંચન ફક્ત મુદ્રિત પાઠનું ઉચ્ચારણ જ નથી, પણ એ નીચેનામાંથી કોઈ એક માટે મહત્ત્વપૂર્ણ છે. શોધી કાઢો, શેના માટે ?

(1) પ્રભાવશાળી વક્તા બનવા માટે

(2) પાઠનો અર્થ સમજવા માટે

(3) નવા શબ્દભંડોળની જાણકારી અને નવી વાક્યરચના જાણવા માટે

(4) નવા શબ્દોના ઉચ્ચારણમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે

141. પ્રાથમિક શાળાના વર્ગોમાં બાળકોને એમની માતૃભાષાના માધ્યમથી શિક્ષણ આપવાનું સૂચવવામાં આવ્યું છે. એનું કારણ નીચેનામાંથી શોધી કાઢો :

(1) તેમની પ્રાદેશિક બોલીને ઉત્તેજન આપવા માટે

(2) કુદરતી વાતાવરણ સર્જવા માટે

(3) બાળકો અન્ય ભાષા સરળતાથી શીખી નથી શકતા તેથી

(4) બાળકોમાં સર્જનાત્મકતા ખીલવવા માટે

142. ભાષાના એક પાઠ્યપુસ્તકમાં આરંભે કવિતાઓ, ત્યારબાદ પાઠ અને છેલ્લે વર્ણમાળા કે મૂળાક્ષરો હોય છે. આ અભિગમને કેવો અભિગમ (અપ્રોચ) કહેવાય ?

(1) બોટમ-અપ અપ્રોચ

(2) ટોપ-ડાઉન અપ્રોચ

(3) ડિસિપ્લીનરી અપ્રોચ

(4) કરિક્યુલમ ફ્રેમવર્ક અપ્રોચ

143. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(1) ધોરણ-1ના વિદ્યાર્થીઓ અંગ્રેજી તદ્દન જાણતા નથી.

(2) બાળકો પોતાના અનુભવના ખજાના સાથે શાળામાં આવે છે.

(3) બાળકો જ્યારે શાળાએ આવે છે ત્યારે કોરી પાટી જેવા હોય છે.

(4) બાળકોને શબ્દોની એક યાદી ગોખાવી દઈને પછી ભાષા શીખવવી જોઈએ.

144. એક બાળક પોતાની પ્રથમ ભાષા કુદરતી રીતે જ _____ છે.

(1) શીખે

(2) નકલ કરે

(3) સંપાદિત કરે

(4) મજબૂત કરે

145. 'રિસેપ્ટીવ સ્કીલ્સ'માં નીચેનામાંથી શેનો સમાવેશ થાય છે ?

(1) શ્રવણ અને વક્તવ્ય

(2) શ્રવણ અને વાંચન

(3) વાંચન અને લેખન

(4) વાંચન અને વક્તવ્ય

146. શિક્ષક વિદ્યાર્થીઓને 'વિશેષણ'ની વ્યાખ્યા આપીને તેમને પોતાની કોઈ એક વિશેષતા જણાવવાનું કહે છે અને એની વ્યાખ્યા આપે છે. આ પદ્ધતિને કઈ પદ્ધતિ કહેવાય ?

(1) અનુમાનજન્ય પદ્ધતિ

(2) નિગમનાત્મક પદ્ધતિ

(3) ટોટલ ફિઝિકલ રિસ્પોન્સ (TPR) પદ્ધતિ

(4) પૂર્ણલીન પદ્ધતિ (ઈમર્શન મેથડ)

**147. શિક્ષકની મદદથી ઔપચારિક પદ્ધતિ દ્વારા કઈ ભાષા શીખી શકાય છે ?**

(1) પ્રથમ ભાષા

(2) દ્વિતીય ભાષા

(3) માતૃભાષા

(4) ગૃહ ભાષા (ઘરમાં બોલાતી ભાષા)

**148. નાની વયના બાળકોને નવા શબ્દો શીખવવા માટે શિક્ષક અસલી પદાર્થોનો અને નમૂનાઓનો ઉપયોગ કરે છે કેમ કે**

(1) આપણે નવું શબ્દભંડોળ ફક્ત અસલી નમૂનાઓના ઉપયોગ દ્વારા જ શીખવી શકીએ.

(2) આનાથી સાચી જોડણી શીખવવામાં મદદ મળે છે.

(3) આનાથી વિદ્યાર્થીઓને અસલી નમૂનાઓને શબ્દો સાથે સાંકળવામાં અને અસલ જીવનમાં જે વસ્તુઓ એ જુએ છે તેને પોતાની ભાષામાં શું કહેવાય છે તેની ખબર પડે છે.

(4) નાના બાળકોની વિચારક્ષમતા ઓછી હોય છે તેથી આ નમૂનાઓ તેમને સારી રીતે ભાષા શીખવામાં મદદ કરે છે.

**149. ભાષાના પાઠ્યક્રમમાં સાહિત્યને સ્થાન આપવું જોઈએ કેમ કે**

(1) સાહિત્ય એ ભાષાના અધ્યાપન અને અધ્યયનનું પ્રમાણભૂત માધ્યમ છે.

(2) સાહિત્ય વિદ્યાર્થીઓને સમીક્ષાત્મક દૃષ્ટિકોણ ઉપલબ્ધ કરાવી આપે છે.

(3) આને લીધે વિદ્યાર્થીઓ પરથી પાઠ્યક્રમનું ભારણ ઓછું થાય છે.

(4) સાહિત્યને કારણે વિદ્યાર્થીઓને નવા શબ્દો શીખવા મળે છે.

**150. ભાષાના વર્ગખંડમાં વાર્તાકથન એક ચાવીરૂપ ભૂમિકા ભજવે છે કેમ કે**

(1) તેનાથી વિદ્યાર્થીઓને નૈતિકતાનો બોધ મળે છે.

(2) વાર્તાકથન મનોરંજનનો એક સારો સ્રોત છે.

(3) વાર્તાકથનથી શિક્ષકને પણ રાહત મળે છે.

(4) વાર્તાકથન દ્વારા ભાષાની સમગ્રતઃ પ્રસ્તુતિ થાય છે.

રફકાર્ય માટે જગ્યા

રફકાર્ય માટે જગ્યા

**આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો :**

1. પરીક્ષા પુસ્તિકામાં ઉત્તરો સ્પષ્ટતાથી ચીંધી બતાવાયા છે તેથી જવાબો લખતા પહેલાં પરીક્ષા પુસ્તિકા અને જવાબો લખવા માટેની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચી જવી.
2. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પોમાંથી સાચો ઉત્તર ઓ.એમ.આર. (OMR) ઉત્તરપત્ર પૃષ્ઠ-2 માં એક જ વૃત્તને બ્લેક/બ્લૂ બૉલ પોઈંટથી જ ભરવું. એક્વાર ઉત્તર ભર્યા પછી તેને બદલી શકાશે નહિ.
3. પરીક્ષાર્થી સુનિશ્ચિત કરી લે કે આ ઉત્તરપત્રને વાળવામાં ન આવે અને તે ઉપર બીજું કોઈ અન્ય નિશાન પણ ન લગાવે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમાંક ઉત્તરપત્રમાં નિર્ધારેલ જગ્યા સિવાય બીજે ક્યાંય ન લખે.
4. પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રનો ઉપયોગ ધ્યાનપૂર્વક કરે, કારણ કે કોઈપણ પરિસ્થિતિમાં (માત્ર પરીક્ષા પુસ્તિકા અને ઉત્તરપત્રના સંકેત (code) અથવા સંખ્યામાં વિભિન્નતા સિવાય) બીજી પરીક્ષા પુસ્તિકા આપવામાં આવશે નહિ.
5. પરીક્ષા પુસ્તિકા/ઉત્તરપત્રમાં આપેલ પરીક્ષા સંકેત અને સંખ્યાને પરીક્ષાર્થીએ ઉચિત રૂપે હાજરી-પત્રમાં લખવું.
6. OMR ઉત્તરપુસ્તિકાની સાંકેતિક માહિતી મશીન વડે વંચાશે. તેથી કોઈ માહિતી અધૂરી ન રહેવી જોઈએ એટલું જ નહીં, તે એડમિટ કાર્ડમાં આપેલી માહિતીથી અલગ ન હોવી જોઈએ.
7. પરીક્ષાર્થી દ્વારા પરીક્ષા હૉલ/કક્ષમાં પ્રવેશ કાર્ડ સિવાયની કોઈપણ જાતની પાઠ્ય-સામગ્રી, મુદ્રિત અથવા હસ્તલિખિત કાગળ, પેજર, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક ઉપકરણ અથવા અન્ય કોઈપણ જાતની સામગ્રીને લઈ જવાની અથવા ઉપયોગ કરવાની મનાઈ છે.
8. મોબાઈલ ફોન અને અન્ય વાયરલેસ સંદેશાવ્યવહારના સાધનો (સ્વીચ ઓફ રાખેલી સ્થિતિમાં પણ) અને અન્ય પ્રતિબંધિત ઉપકરણો પરીક્ષાખંડમાં લાવવા નહીં. આ સૂચનાનું પાલન નહીં કરનારને સજાપાત્ર ગણીને તેની સામે તેમની પરીક્ષા રદ કરવા સુધીના કડક પગલાં લેવામાં આવશે.
9. પ્રત્યેક પરીક્ષાર્થીએ, નિરીક્ષકના માંગ્યા મુજબ પોતાનું પ્રવેશ-કાર્ડ દેખાડવું.
10. કેન્દ્ર અધીક્ષક અથવા નિરીક્ષકની વિશિષ્ટ અનુમતિ વગર કોઈપણ પરીક્ષાર્થીએ પોતાનું સ્થાન મૂકવો નહિ.
11. કાર્યરત નિરીક્ષકને પોતાનો ઉત્તરપત્ર આપ્યા વગર અને હાજરી-પત્રમાં ફરીવાર સહી કર્યા વગર પરીક્ષાર્થીઓ પરીક્ષા હૉલ છોડવો નહિ. જો પરીક્ષાર્થીએ બીજી વાર સહી નહિ કરી હોય તે એ માનવામાં આવશે કે તેને ઉત્તરપત્ર પાછું આપ્યું નથી અને તેને અનુચિત સાધનનો મામલો માનવામાં આવશે.
12. ઈલેક્ટ્રોનિક/હસ્તચાલિત કેલ્ક્યુલેટરનો ઉપયોગ વર્જિત છે.
13. પરીક્ષા હૉલમાં પોતાના આચરણ (વ્યવહાર) માટે પરીક્ષાર્થી બોર્ડના બધા જ નિયમો અને વિનિયમો સાથે બંધાયેલો છે. અનુચિત સાધનોની બધી જ બાબતોનો નિર્ણય બોર્ડના નિયમો અને વિનિયમોના અનુસારે જ થશે.
14. ઉત્તરપત્ર અને પરીક્ષા પુસ્તિકાનો કોઈપણ ભાગ ગમે તેવી પરિસ્થિતિમાં જુદો કરવો નહિ.
15. **પરીક્ષા પૂર્ણ થયા પછી, પરીક્ષાર્થી હૉલ/કક્ષ છોડતા પહેલા ઉત્તરપત્ર કક્ષ-નિરીક્ષકને અવશ્ય સોંપી દે. પરીક્ષાર્થી પોતાની સાથે આ પરીક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**

**निम्नलिखित निर्देशों को ध्यान से पढ़ें :**

1. जिस प्रकार से विभिन्न प्रश्नों के उत्तर दिए जाने हैं उसका वर्णन परीक्षा पुस्तिका में किया गया है, जिसे आप प्रश्नों का उत्तर देने से पहले ध्यान से पढ़ लें ।
2. प्रत्येक प्रश्न के लिए दिए गए चार विकल्पों में से सही उत्तर के लिए OMR उत्तर पत्र के **पृष्ठ-2** पर केवल एक वृत्त को ही पूरी तरह **काले/नीले बॉल पॉइन्ट पेन** से भरें । एक बार उत्तर अंकित करने के बाद उसे बदला नहीं जा सकता है ।
3. परीक्षार्थी सुनिश्चित करें कि इस उत्तर पत्र को मोड़ा न जाए एवं उस पर कोई अन्य निशान न लगाएँ । परीक्षार्थी अपना अनुक्रमांक उत्तर-पत्र में निर्धारित स्थान के अतिरिक्त अन्यत्र न लिखें ।
4. परीक्षा पुस्तिका एवं उत्तर पत्र का ध्यानपूर्वक प्रयोग करें, क्योंकि किसी भी परिस्थिति में (केवल परीक्षा पुस्तिका एवं उत्तर पत्र के संकेत या संख्या में भिन्नता की स्थिति को छोड़कर) दूसरी परीक्षा पुस्तिका उपलब्ध नहीं करायी जाएगी ।
5. परीक्षा पुस्तिका / उत्तर पत्र में दिए गए परीक्षा पुस्तिका संकेत व संख्या को परीक्षार्थी सही तरीके से हाज़िरी-पत्र में लिखें ।
6. OMR उत्तर पत्र में कोडित जानकारी को एक मशीन पढ़ेगी । इसलिए कोई भी सूचना अधूरी न छोड़ें और यह प्रवेश-पत्र में दी गई सूचना से भिन्न नहीं होनी चाहिए ।
7. परीक्षार्थी द्वारा परीक्षा हॉल/कक्ष में प्रवेश-पत्र के सिवाय किसी प्रकार की पाठ्य-सामग्री, मुद्रित या हस्तलिखित, कागज़ की पर्चियाँ, पेजर, मोबाइल फोन, इलेक्ट्रॉनिक उपकरण या किसी अन्य प्रकार की सामग्री को ले जाने या उपयोग करने की अनुमति नहीं है ।
8. मोबाइल फोन, बेतार संचार युक्तियाँ (स्वीच ऑफ अवस्था में भी) और अन्य प्रतिबंधित वस्तुएँ परीक्षा हॉल/कक्ष में नहीं लाई जानी चाहिए । इस सूचना का पालन न होने पर इसे परीक्षा में अनुचित साधनों का प्रयोग माना जाएगा और उनके विरुद्ध कार्यवाही की जाएगी, परीक्षा रद्द करने सहित ।
9. पूछे जाने पर प्रत्येक परीक्षार्थी, निरीक्षक को अपना प्रवेश-पत्र दिखाएँ ।
10. केन्द्र अधीक्षक या निरीक्षक की विशेष अनुमति के बिना कोई परीक्षार्थी अपना स्थान न छोड़ें ।
11. कार्यरत निरीक्षक को अपना उत्तर पत्र दिए बिना एवं हाज़िरी-पत्र पर दुबारा हस्ताक्षर किए बिना परीक्षार्थी परीक्षा हॉल/कक्ष नहीं छोड़ेंगे । यदि किसी परीक्षार्थी ने दूसरी बार हाज़िरी-पत्र पर हस्ताक्षर नहीं किए, तो यह माना जाएगा कि उसने उत्तर पत्र नहीं लौटाया है और यह अनुचित साधन का मामला माना जाएगा । **परीक्षार्थी अपने बाएँ हाथ के अंगूठे का निशान हाज़िरी-पत्र में दिए गए स्थान पर अवश्य लगाएँ ।**
12. इलेक्ट्रॉनिक / हस्तचालित परिकलक का उपयोग वर्जित है ।
13. परीक्षा हॉल/कक्ष में आचरण के लिए परीक्षार्थी बोर्ड के सभी नियमों एवं विनियमों द्वारा नियमित हैं । अनुचित साधनों के सभी मामलों का फैसला बोर्ड के नियमों एवं विनियमों के अनुसार होगा ।
14. किसी हालत में परीक्षा पुस्तिका और उत्तर पत्र का कोई भाग अलग न करें ।
15. **परीक्षा सम्पन्न होने पर, परीक्षार्थी हॉल / कक्ष छोड़ने से पूर्व उत्तर पत्र कक्ष-निरीक्षक को अवश्य सौंप दें । परीक्षार्थी अपने साथ इस परीक्षा पुस्तिका को ले जा सकते हैं ।**

**READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY:**

1. The manner in which the different questions are to be answered has been explained in the Test Booklet which you should read carefully before actually answering the questions.
2. Out of the four alternatives for each question, only one circle for the correct answer is to be darkened completely with **Black/Blue Ball Point Pen** on **Side-2** of the OMR Answer Sheet. The answer once marked is not liable to be changed.
3. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Answer Sheet.
4. Handle the Test Booklet and Answer Sheet with care, as under no circumstances (except for discrepancy in Test Booklet Code or Number and Answer Sheet Code or Number), another set will be provided.
5. The candidates will write the correct Test Booklet Code and Number as given in the Test Booklet / Answer Sheet in the Attendance Sheet.
6. A machine will read the coded information in the OMR Answer Sheet. Hence, no information should be left incomplete and it should not be different from the information given in the Admit Card.
7. Candidates are not allowed to carry any textual material, printed or written, bits of papers, pager, mobile phone, electronic device or any other material except the Admit Card inside the examination hall/ room.
8. Mobile phones, wireless communication devices (even in switched off mode) and the other banned items should not be brought in the examination halls/ rooms. Failing to comply with this instruction, it will be considered as using unfair means in the examination and action will be taken against them including cancellation of examination.
9. Each candidate must show on demand his / her Admit Card to the Invigilator.
10. No candidate, without special permission of the Centre Superintendent or Invigilator, should leave his / her seat.
11. The candidates should not leave the Examination Hall/ Room without handing over their Answer Sheet to the Invigilator on duty and sign the Attendance Sheet twice. Cases where a candidate has not signed the Attendance Sheet second time will be deemed not to have handed over the Answer Sheet and dealt with as an unfair means case. **The candidates are also required to put their left hand THUMB impression in the space provided in the Attendance Sheet.**
12. Use of Electronic / Manual Calculator is prohibited.
13. The candidates are governed by all Rules and Regulations of the Board with regard to their conduct in the Examination Hall/Room. All cases of unfair means will be dealt with as per Rules and Regulations of the Board.
14. No part of the Test Booklet and Answer Sheet shall be detached under any circumstances.
15. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator in the Hall / Room.** ***The candidates are allowed to take away this Test Booklet with them.***